# ગાબટની સીમમાં ખેડૂતે બાથ ભીડતા દીપડો ઉભી પૂંછડિયે નાઠો

### ગાબટ સરકારી દવાખાના નજીક રહેણાંક મકાનમાં દીપડો ત્રાટક્યો, લોકોમાં ફફડાટ

બાયડ, તા. ૧૯

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓમાં વસવાટ કરતા દીપડાઓ ધીરે ધીરે માનવ વસવાટ ગામે જંગલી જાનવર દીપડાએ એક ઈસમ પર વહેલી પરોઢે હુમલો કરતાં ગાબટ ગામ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગાબટ ગામે સરકારી





બાજુ લટાર મારી પશુઓનું મારણ કરી રહ્યા હોવાની સાથે ખેડૂત પર હુમલો કરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. બાયડના ગાબટ ગામે રહેણાંક વિસ્તારમાં ઘૂસી દીપડાએ ખેડૂત પર હુમલો કરતા ભારે ચકચાર મચી હતી. ખેડૂતે હિંમતભેર દીપડાનો સામનો કરતા દીપડાએ પંજા વડે હુમલો કરતા ખેડૂત ઈજાગ્રસ્ત બન્યો હતો. દીપડાએ ખેડૂત પર હુમલો કરતા વનવિભાગ તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને દીપડો કોઈનો ભોગ લે તે પહેલા આણંદથી દીપડાને ઝડપી પાડવા માટે નિષ્ણાંત લોકોની ટીમ બોલાવી ઝાળ બીછાવી ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ગાબટ દવાખાના પાછળના વિસ્તારમાં દિનેશભાઈ દલાભાઈ વણકરનું રહેણાંક મકાન આવેલ છે. તેઓ વહેલી સવારે ઘરની બહાર દુધ દોહવા માટે નિકળ્યા હતા ત્યારે વાડામાં સામે બેસેલા દીપડાએ દીનેશભાઈ વણકર પર હુમલો કરતાં હિંમતવાન દીનેશભાઈએ તેનો પ્રતિકાર કરતાં દીપડો સામાન્ય ઈજા પહોંચાડી નાસી છુટયો હતો. જંગલી જાનવર દીપડો આવ્યાની વાત વિસ્તારમાં પ્રસરી જતાં ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. જંગલ ખાતાને જાણ થતાં મોડે મોડે જંગલ ખાતાના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. દીપડાને નજરે જોનારા લોકોનું કહેવું છે કે દીપડો ગાબટ ગામમાં થઈને આ તરફ આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લામાં વધુ ૨૪ સંક્રમિત

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં વધુ ૨૪ લોકો કોરોનામાં સંક્રમિત થયા છે જેમાં પાલનપુર ૧૪,ડીસા ૫,લાખણી ૨,ધાનેરા અમીરગઢ દાંતા ૧-૧-૧ કેસ નોંધાયા છે. જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં એન્ટીજન રેપિડ દ્વારા ૪૮૨ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પૈકી ૦૫ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલમાં ૧૦૧ સેમ્પલ પૈકી ૦૮ કોરોના પોઝીટીવ કેશ સામે આવ્યા હતા અને બનાસ મેડિકલ કોલજમાં ૩૯ સેમ્પલ લેતા ૧ પોઝીટીવ નોંધાયો હતો જ્યારે પાલનપુરની પ્રાઈવેટ લેબોરેટરી માંથી લેવાયેલા ૩૪ સેમ્પલ પૈકી ૧૦ પોઝિટિવ આવ્યા છે આમ જિલ્લાના ૬૫૬ સેમ્પલ પૈકી ૨૪ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

# હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં બનતી કોવિડ હોસ્પિટલથી સંક્રમણનો ભય

### ૧૦૦ થી વધુ વેચારીઓ તથા તેમના કામદારોએ વિરોધ નોધાવ્યો કોમ્પ્લેક્ષના દુકાનદારો ધ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે ત્યારે તેના લીધે મુખ્યત્વે ખાનગી હોસ્પિટલોના તબિબોને જલસા પડી ગયા છે.

દરમિયાન હિંમતનગરના મુખ્ય ધમધમતા તથા નેશનલ હાઈવે-૮ પર આવેલ મોકાની જગ્યામાં અગાઉ બનાવાયેલ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે કેટલાક ભાગીદારો કોવીડ હોસ્પિટલ બનાવવા માટે એક હોટલનું રીનોવેશન કરીને તેયારીમાં લાગી ગયા છે. ત્યારે આ કોમ્પ્લેક્ષમાં આવેલી ઓફીસો અને દુકાનો મળીને લગભગ ૧૪૦ થી વધુ વેપારીઓ અને તેમના ત્યા કામકરતા કામદારોએ શુક્રવારે બનવા જઈ રહેલ કોવિડ હોસ્પિટલ સામે વિરોધ નોધાવી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ છે.

આ આવેદનપત્રમાં કોમ્પ્લેક્ષમાં ધંધો રોજગાર કરતા વેપારીઓ તથા તેમના ત્યા કામ કરતા કામદારોના જણાવાયા મુજબ મોતીપુરા સકલ પર મોકાની જગ્યાએ એક આલીશાન કોમ્પ્લેક્ષ આવેલુ છે. જ્યા ત્રીજા માળે એક હોટલ આવેલી છે જ્યાં તબિબિ ક્ષેત્રના કેટલાક જાણકારો વધુ કમાણીની લાયમાં કોવિડ હોસ્પિટલ બનાવી રહ્યા છે. જેના લીધે અહી સારવાર લેવા આવનાર કોરોનાના દર્દીઓને લીધે વધુ સંક્રમણ ફેલાવવાની શક્યતા છે. અહી રોજ લગભગ બે હજારથી વધુ લોકો અવર જવર કરે છે.

એટલુ જ નહી પણ મોકાની જગ્યા પર આવેલા આ કોમ્પ્લેક્ષમાં એક જ લીફટ છે. અને તે પણ ખુબજ નાની છે જો ત્રીજા માળે આવેલી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને લઈ જવા હોય તો આ લીફટમાં સ્ટ્રેચર આવી શકે તેવી સ્થિતીમાં નથી. સાથસાથ આ કોમ્પ્લેક્ષમાં એન્ટ્રી અને એક્ઝીટ માટે એક જ સીડી છે જેથી ફાયર સેફ્ટીની વાતો કરતુ તંત્ર હોસ્પિટલ માટે કેવી રીતે મંજુરી આપી શકે તેતો હાલ કહેવુ વહેલુ લેખાશે.

હિંમતનગરમાં સરકાર ધ્વારા કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે હિંમતનગરની સિવિલ સહિત પાંચથી વધુ ખાનગી હોસ્પિટલોને માન્યતા આપી છે. જેને લઈને આ હોસ્પિટલો રાત દિવસ ધમધમી રહી છે અને હોસ્પિટલમાં આવતા અને જતા દર્દીઓ તથા તેમના સગાઓને લીધે કોરોનાનું સંક્રમણ વધુ થઈ રહુ હોવાનું આમ પ્રજા માની રહી છે ત્યારે મોતીપુરા સકલ પર આવેલ કોમ્પ્લેક્ષમાં કોવિડ હોસ્પિટલ માટેની તૈયારીઓ અંગે સંલગ્ન વિભાગ ધ્વારા કાળજી પુર્વક તપાસ થાય તે જરૂરી છે. અને જિલ્લા કલેક્ટરે પણ જરૂર પડે સ્થળ મુલાકાત લેવી જોઈએ.

સાથોસાથ એ પણ નોંધનીય છે કે જો ગમે તે સ્થળે કોરોનાના દર્દીઓને લીધે વધુ સંક્રમણ ફેલાય તો સરકાર ધ્વારા તેવા વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે ત્યારે રખે ને નવી તૈયાર થયેલ કોવિડ હોસ્પિટલને લીધે સંક્રમણનું પ્રમાણ વધે ત્યારે વેપારીઓ તથા તેમના ત્યા કામ કરતા કામદારોની શુ હાલત થાય તે સમજી શકાય છે. જેથી તંત્રએ નિર્ણય કરતા પહેલા તમામ પાસાઓ અંગે ઉંડાળ પૂર્વક વિચારવુ જોઈએ.



### ડીસામાં ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન પાણીની પાઇપ લાઈનમાં ભંગાણ

ડીસામાં હાલમાં બીજા તબક્કાની ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે જે દરમિયાન શહેરના મોટા ભાગના માર્ગો ખોદિ દેવામાં આવ્યા છે પણ તેનું નવીનીકરણ કરવામાં ના આવતા દિવસ દરમિયાન સતત ધૂળ ઉડતા વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ ઉઠ્યા છે. આ ઉપરાંત શહેરની અનેક સોસાયટીમાં પણ બાકી કામગીરી શરૂ કરવામાં આવી છે જોકે આ કામગીરી દરમિયાન શહેરની નવજીવન સોસાયટીમાં પસાર થતી પાણીની મુખ્ય પાઈપલાઈન તૂટી જતા લાખ્ખો લીટર પાણી જાહેર રોડ ઉપર ફરી વળ્યાં હતા અને અમૂલ્ય પાણીનો વેડફાટ થયો હતો. વળી માર્ગો પર સતત આ પાણી ભરાઈ જતા વાહનચાલકો તેમજ રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા હતા. સતત પાણી વહી જવા છતાં પણ પાઈપલાઈનનું સમારકામ હાથ ધરવામાં ના આવતા સ્થાનિક લોકોએ ભૂગર્ભ ગટરની કામગીરી સામે રોષ ઠાલવ્યો હતો. કારણ એક તરફ દિન પ્રતિદિન પાણીના તળ ઊંડા જઈ રહ્યા છે અને આવા કપરા સમયે આ રીતે પાણીનો બગાડ થાય તે બાબત ચિંતાજનક કહી શકાય.

# મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘમાં એકાઉન્ટન્ટે ૩૫.૯૫ની ઉચાપત કરી ૨૧.૧૦ લાખ ભરી દીધા

### ૧૪.૮૫ લાખ ન ભરાતા પોલીસ ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં આવેલી દૂધ ઉત્પાદક મંડળી અને સહકારી મંડળીઓમાં સમયાંતરે લાખ્ખો, કરોડો રૂપિયાની ઉચાપત સત્તાધીશો અને કર્મચારીઓ કરતાં હોવાની ઘટનાઓ નોંધાતી રહે છે, ત્યારે મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં એકાઉન્ટન્ટ કમ કોમ્પ્યુટર ઓપરેટરે ખોટા દસ્તાવેજ ઉભા કરી ખરા તરીકે ઉપયોગ કરી તેમજ બેંકના બનાવટી સિક્કા બનાવી ૩૫.૯૫ લાખ રૂપિયાની ઉચાપત કરી લીધું હોવાનું સત્તાધીશોને ધ્યાને આવતા એકાઉન્ટન્ટે ઉચાપત કરેલ રૂપિયામાંથી ૨૧.૧૦ લાખ રૂપિયા એનકેન પ્રકારે ભરપાઈ કરાવી હતી. એકાઉન્ટન્ટે ૧૪.૮૫ લાખ રૂપિયા આપવા હાથ અધ્ધર કરી લેતા આખરે ખરીદ વેચાણ સંઘના ચેરમેન અરુણ પટેલે એકાઉન્ટટ કમ કોમ્પ્યુટર ઓપરેટર વાણિયાદ-કોકાપુરના પટેલ કાલ્પિક સામે ૧૪.૮૫ લાખની કાયમી ઉચાપતની ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં એકાઉન્ટટ કમ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા વણીયાદ-કોકાપુરના કાલ્પિક અશોકભાઈ પટેલે ૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ ના સમયગાળા દરમિયાન ખોટા દસ્તાવેજો ઉભા કરી ખરા તરીકે ઉપયોગ કરી બેંકના બનાવટી સીક્કા બનાવી મંડળીમાંથી ૩૫.૯૫ લાખની ઉચાપત કરી હોવાનું સત્તાધીશોને ધ્યાને આવતા કાલ્પિક પટેલ પાસેથી ઉચાપત કરેલ રૂપિયામાંથી ૨૧.૧૦ લાખ રૂપિયા એનકેન પ્રકારે ભરપાઈ કરાવી હતી. એકાઉન્ટન્ટે ૧૪.૮૫ લાખ રૂપિયા આપવા હાથ અધ્ધર કરી લેતા આખરે ખરીદ વેચાણ સંઘના ચેરમેન અરુણ પટેલે એકાઉન્ટટ કમ કોમ્પ્યુટર ઓપરેટર વાણિયાદ-કોકાપુરના પટેલ કાલ્પિક સામે ૧૪.૮૫ લાખની કાયમી ઉચાપતની ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસામાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યા લાખ્ખોની ચોરી

### રઝાપાર્ક સોસાયટીમાં પરિવાર સામાજીક પ્રસંગમાં પહોંચ્યો ચોર ત્રણ લાખની ચોરી કરી ગયા

મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી કથળી રહી હોય તેમ રાત્રીએ ચોરી કરતા





તસ્કરોની હિંમત ખુલતા દિવસે પણ બંધ મકાનમાં ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસાના દુઘરવાડા રોડ પરની રહેણાંક સોસાયટીમાં એક સપ્તાહમા બીજીવાર ચોરીની ઘટના બનતા પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. રઝા પાર્ક સોસાયટીમાં રહેતો પરિવાર સામાજીક પ્રસંગે મકાનને તાળું મારી શહેરમાં ઘાંચીવાડા વિસ્તારમાં જતા તસ્કરો ધોળા દહાડે બંધ મકાનનું તાળું તોડી ૩ લાખ રૂપિયાની ચોરી કરી પલાયન થતા પરિવારજનો પર ચોરીની ઘટનાથી આભ તૂટી પડ્યું હતું ચોરીની ઘટનાના પગલે પોલીસ પહોંચી પ્રાથમીક તપાસ હાથ ધરી હતી.

શુક્રવારે બપોરે રઝાપાર્ક સોસાયટીમાં રહેતા યુસુફભાઈ ઉપાદ તેમના પરિવાર સાથે ઘાંચીવાડામાં સામાજીક પ્રસંગે મકાનને તાળું મારી ગયા હતા સાંજે ૬ વાગે ઘરે પરત ફરતા ઘરમાં ચોરી કરતા તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. ઘરમાં રહેલા કબાટ તિજોરીનું તાળું તોડી ૧.૫ લાખ રોકડા અને ૧.૫ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હોવાની જાણ થતા તાબડતોડ પોલીસને જાણ કરતા ધોળે દહાડે બનેલી ચોરીની ઘટનાના પગલે પોલીસ દોડી આવી ચોર લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# થરાદના ચાંગડામાં વારસાઈ જમીન પડાવી લેવા બોગસ દસ્તાવેજ : ૬ સામે ફરીયાદ

થરાદ, તા. ૧૯

થરાદ પંથકમાં વારસાઈની જમીન પચાવી લેવા ખોટો દસ્તાવેજ ઉભો કરી સાચા તરીકે ઉપયોગ કર્યો હોવાની ઘટના સામે આવી છે. પંથકના ચાંગડા ગામની પરીણિતાના પતિના મૃત્યુ બાદ તેમની જમીન મહિલાના નામે હતી. જે બાદમાં તેના જેઠ-જેઠાણી સહિતનાએ મળી જમીન પચાવી પાડવા ફરીયાદીના નામે ખોટો દત્તકલેખ બનાવી મામલતદારમાં નોંધ પડાવી હોવાની ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં ફરીયાદીએ વાંધા અરજી રજુ કરતાં પાકી નોંધ થઈ હતી. જે બાદમાં ફરીયાદીએ છ લોકોના નામજોગ ગુનો દાખલ કરાવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના ચાંગડા ગામે સુખીબેન દાનાભાઈ કરડ (પટેલ) ખેતી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગત દિવસોએ ઉનાળામાં માવઠું પડતાં તેમના પતિ દાનાભાઈનું વીજળી પડવાને કારણે મૃત્યુ થયુ હતુ. આ તરફ દાનાભાઈના નામે ચાલતી જમીન ફરીયાદી સુખીબેનના નામે હોવાથી તેમના જેઠ-જેઠાણી હેરાન પરેશાન કરતાં હતા. આ સાથે તેમના દિકરાને દત્તક લેવાં અને દત્તક ના લેવો હોય તો ૧૦ એકર જમીન આપવી પડશે તેમ કહી હેરાન કરતાં હતા. આ દરમ્યાન ફરીયાદી મહિલા તેમના પિયર રહેવા ગયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે ફરીયાદી મહિલા પિયર રહેવા જતાં તેના જેઠ-જેઠાણી, જેઠનો દીકરો, કાકી સાસુ, કાકા સસરાનો દીકરો અને વેવાઈ સહિતના ભેગા મળી કાવતરૂ રચ્યું હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. ચાંગડા મુકામે સુખીબેનના નામે આશરે સાડા અઢારેક એકર જે ખેતીની જમીનનો ખાતા નંબર ૧૦૮ સર્વે નંબર ૨૨૯ અને ખાતા નંબર ૩૧૨ સર્વે નંબર ૩૩૬ વાળી જમીન આવેલ છે. આરોપીઓએ ભેગા મળી સુખીબેનને જાણ કર્યા વિના જમીન પચાવી પાડવા થરાદ મુકામે ૧૦-૮-૨૦૨૦ પહેલાના કોઈપણ સમયે તેમના નામનો ખોટો દત્તક લેખ બનાવ્યો હતો. જેમાં આરોપી હીરાબેને સુખીબેનના નામે ફોટો પડાવી દત્તકલેખ તૈયાર કર્યો હોવાનું પણ ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે.

આ તરફ સમગ્ર ઘટનાની જાણ સુખીબેનને થતાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમને તાત્કાલિક દત્તકલેખ સામે મામલતદાર કચેરીમાં વાંધા અરજી કરતાં પાકી નોંધ થઈ ન હતી. જેને લઈ સુખીબેને તમામ આરોપીઓ સામે તેમની હાજરી ન હોવાન છતાં ખોટી ઓળખ આપી, ખોટો દત્તકલેખ અને દસ્તાવેજ ઉભા કર્યાની ફરીયાદ નોંધાવી છે. ઘટનાને લઈ થરાદ પોલીસે ૬ લોકોના નામજોગ આઈપીસીની કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૧૨૦ બી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અડપોદરામાં જમીન બાબતે પિતા-પુત્ર વચ્ચે ઝગડો થતા મામલો પોલીસ સ્ટેશનમાં

હિંમતનગર, તા.૧૯

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે એક જ પરીવારમાં જમીન બાબતે થયેલી બોલાચાલી બાદ મામલો ગરમાયો હતો અને ત્રણ દિવસ અગાઉ થયેલો આ ઝગડો શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પહોચ્યો હતો. જયા પિતાએ પુત્ર વિરૂધ્ધ ફરીયાદ નોધાવતા સામે પક્ષે પુત્રવધુએ સસરા વિરૂધ્ધ ફરીયાદ નોધાવી હતી.

આ અંગે પોલીસસૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત તા.૧૭ ડોસેમ્બરના રોજ અડપોદરા ગામે રહેતા ભાવનાબેન પ્રવિણસિંહ મકવાણા કામ અર્થે ગામમાં ગયા હતા ત્યારે ગામના માંડવી ચોકમાં ભાવનાબેનને તેમના સસરા કાનસિંહ હિરસિંહ મકવાણાનો ભેટો થઈ ગયો હતો અને કાનસિંહે પુત્રવધુને એવુ કહ્યુ હતુ કે તમો કેમ આપણી જમીન બાબતના વિષયમાં મારાભાઈ પ્રતાપસિંહ હીરસિંહ મકવાણાને હેરાન કરો છો તેમ કહી ગાળો બોલવાનું શરૂ કરી દીધુ હતું. અને તે વખતે તેણીના દેરાણી મીનાબેન અને દિયર આલુસિંહ કાનસિંહ મકવાણાએ આવીને વચ્ચે પડતા સસરા કાનસિંહ મકવાણાએ ભાવનાબેન તથા મીનાબેન અને આલુસિંહને ગાળોબોલી ગડદાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધુ હતું. અને એવી પણ ધમકી આપી હતી કે ફરીથી મળશોતો છોડીશ નહી. ત્યારબાદ ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર લેવાની ફરજ પડી હતી. અને ભાવનાબેન મકવાણાએ સસરા વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.

તો બીજી તરફ કાનસિંહ હીરસિંહ મકવાણાએ ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તે જ દિવસે તેમની પુત્રવધુ ભાવનાબેન, આલુસિંહ તથા મીનાબેને ભેગામળીને જમીન બાબતે થયેલી બોલાચાલી દરમિયાન ત્રણેય જણાએ કાનસિંહ મકવાણા પર પથ્થરોથી હુમલો કરી ઈજા પહોચાડી હતી. જેથી મામલો ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પહોચતા પોલીસે બંને પક્ષોની ફરીયાદને આધારે સાત જણા વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દિયોદરના ગાંગોલ ગામે મોબાઈલ ટાવરમાં ચોરી

દિયોદર તાલુકાના ગાંગોલ ગામે બીએસએનએલના ટાવર-એક્ષચેન્જમાંથી બેટરીઓ સહીત ૧.૫૫ લાખના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. ગત દિવસોએ જૂનિયર ટેલીફોન એક્ષચેન્જ ઓફીસર અને લાઈનમેન સહિતના ગામમાં આવેલા ટાવરે પહોંચ્યાં હતા. જ્યાં મેઈન દરવાજો ખુલ્લો જોતાં ચોંકી જઈ તપાસ કરતાં ચોરી થઈ હોવાનું ખુલ્યું હતુ. ઘટના બાદ અજાણ્યાં ઈસમો સામે ગુનો દાખલ કરાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના ગાંગોલ ગામે બીએસએનએલ ટાવરમાં ચોરીની ઘટના બની છે. દિયોદરમાં ટેલીફોન એક્ષચેન્જ ઓફિસર તરીકે ફરજ બજાવતાં વિજયકુમાર ચૌધરીએ અજાણ્યાં ઈસમો સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં ગત તા. ૧૭-૨૨-૨૦ના રોજ ગાંગોલ બીએસએનએલ ટાવર અને એક્ષચેન્જમાં ફોલ્ટ આવતાં લાઈનમેનને તપાસ કરવા મોકલ્યાં હતા. જે બાદમાં લાઈનમેનનો ફોન આવ્યો હતો કે, એક્ષચેન્જનો મેઈન દરવાજો ખુલ્લો અને તેનો નકુચો તુટેલ છે.

# મોડાસા તાલુકાના ડુઘરવાડા ખાતે બનનાર સીનીયર સીટીઝન હોલનુ ભૂમિપૂજન કરાયુ

### પ્રગતિશીલ ગામમાં હોલ બનવાથી સીનીયર સીટીઝન અને વિદ્યાર્થીઓને સારા પુસ્તકો વાંચવાનો લાભ મળશે : રમણભાઇ પાટકર

મોડાસા, તા. ૧૯

શનિવાર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ડુગરવાડા ખાતે સીનીયર





સીટીઝન હોલનુ ભૂમિપૂજન રા.ક.ના વન અને આદિજાતિ વિકાસ અને અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ પાટકરના હસ્તે કરવામાં આવ્યુ.

આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે આવા પ્રગતિશીલ ગામમાં રૂ. ૫ લાખના ખર્ચે નવીન બનવાથી સીનીયર સીટીઝન અને વિદ્યાર્થીઓને સારા પુસ્તકો વાંચવાનો લાભ મળશે. ગામમાં વિકાસના કામમાં ઉમેરો થયો છે આ ગામમાં બાકી રહેતા રસ્તા, તળાવ ઉંડુ કરવાનુ, રમત ગમતનુ મેદાન અને બાકી રહેતી અન્ય સુવિધાઓ પુરી કરવામાં આવશે. ગામના વિકાસના કામમાં ઉદ્યોગપતિઓએ આપેલ યોગદાન આપવા બદલ અભિનંદન આપ્યા હતા.

મંત્રીએ રાજય સરકાર તથા ભારત સરકારની અનેક કલ્યાણકારી તથા વિકાસલક્ષી યોજનાની વિસ્તૃત જાણકારી આપી હતી અને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો તથા નિવૃત પંચાયતના તલાટી કમ મંત્રી ધીરેન્દ્ર સોનીનુ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રી ભીખાભાઈ ડામોરે પ્રાસંગિક પ્રવચનમાં અરવલ્લી જિલ્લો વિકાસના કામમાં અગ્રેસર રહ્યો છે તેમાં જિલ્લાવાસીઓનો સાથ અને સહકાર રહ્યો છે એમ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે ડુગરવાડા પંચાયતના સરપંચ ગીતાબેન, શૈલેશભાઈ ભોઈ, ભીખુસિંહ પરમાર, મહેશભાઈ પટેલ, અંકિતભાઈ પટેલ, મહેશભાઈ ભટ્ટ, રમેશભાઈ પટેલ, તાલુકા/જિલ્લાના સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અણિયાદ ક્લસ્ટરની શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ

બાયડ, તા. ૧૯

સમગ્ર શિક્ષા શહેરાના બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડૉ.કલ્પેશ આર. પરમારની સૂચના અન્વયે અણિયાદ ક્લસ્ટરની શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની મિટિંગ કરવામાં આવી. જેમાં મુખ્ય મુદ્દાઓમાં બાળકોના હોમ લર્નિંગ અને એકમ કસોટીની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી તિતાજીના મુવાડા પ્રાથમિક શાળા, બીડ ફળીયા પ્રાથમિક શાળા અને ગુવાલીયા પ્રાથમિક શાળામાં સી.આર.સી. અણિયાદ ભુપેન્દ્રસિંહ સોલંકીના નેતૃત્વમાં શાળા વ્યવસ્થાપન સમિતિની મિટિંગ કરવામાં આવી.

જેમાં ગત સભાનું પ્રોસિડિંગનું વાંચન, વાલી મુલાકાત, સોસીયલ ઓડિટ, વષ- ૨૦૨૦-૨૦૨૧ના વર્ષમાં ખર્ચ કરવા માટેના ઠરાવ તેમજ કોરોના મહામારી સમયે બાળકોને શિક્ષણ આપવા સ્વયંસેવકો તૈયાર કરવા અને બાળકોના





વાલીઓના મોબાઈલ નંબરની યાદી અપડેટ કરવા અને વર્ચ્યુઅલ કલાસની બાબતો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ભુપેન્દ્રસિંહ સોલંકીએ પ્રેરક અને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે કેવા પ્રકારના પ્રયત્નો કરવા વગેરે બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. સ્થાનિક અગ્રણી રમણભાઈ રાઠોડ અને કલસ્ટર આચાર્ય વિજય પટેલ પણ ઉપસ્થિત રહીને પ્રાસંગીક માર્ગદર્શન અને સૌને આશીર્વચન આપ્યા હતા.